# 3000 દિવ્યાંગોને રોજગારી પૂરી પાડવા કોર્પોરેટ જગત અને EDIIના પ્રયાસ

## રાઉન્ડ ટેબલ મીટમાં સમાજને સંવેદનશીલ બનાવવા પગલાં લેવાનો એજન્ડા હાથ ધરાયો

**નવગુજરાત સમય > ગાંધીનગર**

3000 દિવ્યાંગોને રોજગારી પૂરી પાડવા કોર્પોરેટ જગત અને EDII દ્વારા સહિયારો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ માટે યોજવામાં આવેલી એક રાઉન્ડ ટેબલ મીટમાં સમાજને સંવેદનશીલ બનાવવા પગલાં લેવાનો એજન્ડા હાથ ધરવામાં આવ્યો છે.

ભારત સરકારના દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના નેશનલ હેન્ડિકેપ્ડ ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જનરલ મેનેજર ડો. વિનીત રાણા, એસબીઆઈ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ જગન્નાથ સાહૂ, મહારાષ્ટ્ર સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈના મેનેજિંગ ડિરેક્ટર આઈએએસ રાજેન્દ્ર નિમ્બાલકર, આઈડીબીઆઈ બેંકના સીજીએમ સૌમ્યા ચૌધરી, ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ




ડો. સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ)ના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલ તેમજ દિવ્યાંગ સશક્તિકરણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સે આ અભૂતપૂર્વ મીટમાં હાજરી આપી હતી.

આ મીટમાં મોટા પાયે સમાજને સંવેદનશીલ બનાવવા અને હસ્તક્ષેપો કરવા તથા પગલાં લેવાનો એજન્ડા હાથ ધરવામાં આવ્યો હતો. જે 1,500 ટેકનોલોજી-સંચાલિત અને 1,500 સામાન્ય સાહસો સહિત દિવ્યાંગો માટે 3,000 નવા સાહસોની સ્થાપનાને સુનિશ્ચિત કરે છે. આ મુખ્ય રાઉન્ડ ટેબલ મીટિંગમાં સરકાર, કોર્પોરેટ અને સંસ્થાઓ વચ્ચે અસરકારક સિનર્જી દ્વારા દિવ્યાંગો માટે વધુ સારી દુનિયા બનાવવા વિચારણા કરાઈ હતી. ટકાઉ સાહસોના સર્જન દ્વારા દિવ્યાંગોનું સશક્તિકરણ સુનિશ્ચિત કરવું, સમાજમાં તેમના સંપૂર્ણ સમાવેશને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ધારણા, પર્યાવરણ, સુરક્ષા અને અન્ય સુવિધાઓના સંદર્ભમાં શ્રેષ્ઠ પ્રથાઓનો ઊભી કરવા, કામગીરીનું એકીકૃત વાતાવરણ સુનિશ્ચિત કરવાના માર્ગો શોધવા, વ્યાપારી તકોની ઈન્વેન્ટરી નક્કી કરવી જેથી દિવ્યાંગો પોતાના સાહસો ઊભા કરી શકે, પ્રોજેક્ટ અને તેના હસ્તક્ષેપોને ટકાઉ વિકાસના લક્ષ્યો સાથે સંરેખિત કરવા અને દિવ્યાંગોને ઓછા પગારવાળી નોકરીઓ મળે તેવા સમાજમાં વ્યાવસાયિક વિભાજનને તોડવા જેવા વિશિષ્ટ ઉદ્દેશ્યો ધરાવતા વિષયો પર ચર્ચા થઈ હતી.